# આત્મધર્મ



શુભાશુભ પરિણામ તેના સ્વકાળે જે થવા યોગ્ય છે તે જ થાય છે. નહોતો થવાનો ને એને કરે કે થવાનો હતો ને ફેરવે એ દૃષ્ટિ જ ખોટી છે. રાગ એના સ્વકાળે કાળક્રમમાં થવા યોગ્ય જ થાય છે—એ દૃષ્ટિમાં જ જ્ઞાયકનો અનંતો પુરુષાર્થ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી


| | | | | |
|---|---|---|---|---|
| કહાન સં. ૨૫<br>સં. ૨૦૬૨ | [ ૭૫૨<br>૭૫૩ ] | * આત્મધર્મ * | [ અંક-૧૨-૧<br>વર્ષ-૬૨-૬૩ ] | વીર સં. ૨૫૩૨<br>જૂન-જુલાઈ-૨૦૦૬ |

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જે જીવ, જિનબિમ્બભક્તિ આદિ કાર્યોમાં જ નિમગ્ન છે તેને આત્મ-શ્રદ્ધાનાદિ કરાવવા માટે 'દેહમાં દેવ છે દેરામાં નથી' ઈત્યાદિ ઉપદેશ આપીએ છીએ. ત્યાં એમ ન સમજી લેવું કે ભક્તિ આદિ છોડી ભોજનાદિથી પોતાને સુખી કરવો. કારણ કે એ ઉપદેશનું પ્રયોજન કાંઈ એવું નથી. એ જ પ્રમાણે ત્યાં અન્ય વ્યવહારનો નિષેધ કર્યો હોય ત્યાં તેને યથાર્થ જાણી પ્રમાદી ન થવું, એમ સમજવું. જે કેવળ વ્યવહાર સાધનામાં જ મગ્ન છે તેને નિશ્ચય રુચિ કરાવવા અર્થે ત્યાં વ્યવહારને હીન બતાવ્યો છે. ૯૨૭. *(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિકાર--૭, પાનું--૨૮૭)*

❀ શુદ્ધ ચૈતન્યમાં જેમનું ચિત્ત રક્ત છે એવા સંતોના ચરણ વડે સ્પર્શાયેલી ભૂમિ તીર્થપણાને પામે છે, તેમના નામથી પાપનો સંચય ક્ષય થાય છે અને દેવોનો સમુહ દાસપણાને પામે છે. ૯૨૮.

*(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૨, શ્લોક-૨૨)*

❀ જ્યારે શુદ્ધાત્મપરિણતિને પામેલા શ્રમણને તેમાંથી ચ્યુત કરે એવું કારણ—કોઈપણ ઉપસર્ગ—આવી પડે, ત્યારે તે કાળ શુભોપયોગીને પોતાની શક્તિ અનુસાર પ્રતિકાર (ઉપાય, સહાય) કરવાની ઈચ્છારૂપ પ્રવૃત્તિનો કાળ છે; અને તે સિવાયનો કાળ પોતાને શુદ્ધાત્મપરિણતિની પ્રાપ્તિ માટે કેવળ નિવૃત્તિનો કાળ છે. ૯૨૯.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર--ટીકા, ગાથા-૨૫૨)*

❀ તત્ત્વોમેં મુખ્ય તત્ત્વ આત્માકા સ્વભાવ હૈ અથવા તત્ત્વોમેં શ્રેષ્ઠ તત્ત્વ પરમેષ્ઠી હૈ. યહ જિનવાણી જયવંત રહો જિસકે પ્રતાપસે પરમ તત્ત્વકા પતા લગતા હૈ. નિર્મલ જ્ઞાન જયવંત હો જો લોકાલોક કો જાનતા હૈ. ૯૩૦.

*(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૫૪૮)*

❀ મિથ્યાદૃષ્ટિ જીવ શરીરના ઉત્પન્ન થવાથી પોતાનો આત્મા ઉત્પન્ન થયો એમ માને છે અને શરીરનો નાશ થવાથી આત્માનો નાશ અથવા મરણ થયું એમ માને છે. રાગ, દ્વેષ, મોહ વગેરે સ્પષ્ટરૂપે દુઃખ આપવાવાળા છે છતાં તેને સેવતો થકો સુખ માને છે. ૯૩૧. *(પં. દૌલતરામજી, છહાળા, ઢાળ-૨, શ્લોક-૫)*

❀ ❀ ❀

કહાન
સંવત-૨૫
વર્ષ-૬૨-૬૩
અંક-૧૨-૧
[૭૫૨-૭૫૩]

વીર
સંવત
૨૫૩૨
સં. ૨૦૬૨
June-July
A.D. 2006




આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# અજ્ઞાની રાખને માટે રત્નને બાળી રહ્યો છે.

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(સળંગ પ્રવચન નં-૧૩૬)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે.

અહા! કેવો અવસર મળ્યો છે! અનંતકાળે માંડ આવો અવસર મળ્યો છે તેમાં નિવૃત્તિ લઈને અંતરના શ્રદ્ધા-જ્ઞાનનું આચરણ કરવા યોગ્ય છે. તેના બદલે અશુભભાવ કે શુભભાવના હેતુએ સમય વેડફી નાખે છે તે જીવ કેવા છે? તેના માટે શાસ્ત્રમાં દ્રષ્ટાંત આવે છે કે થોડી ભસ્મ નિમિત્તે એ રત્નના રાશિને જલાવી દે છે. બાજરો, મગ, અડદ આદિ સડી ન જાય તે માટે તેમાં રાખ નાખવા થોડી રાખ જોઈતી હોય તે માટે અબજો રૂપિયાના રત્નને બાળીને રાખ કરે તેમ, ચૈતન્યરત્નનું અંતર્મુખ લક્ષ કરવાના બદલે જે શુભ-અશુભ ભાવનો હેતુ રાખીને વર્તે છે તે આત્મદેવને જલાવી રહ્યાં છે. તેને ભવિષ્યમાં અનંતજ્ઞાન આદિ ગુણો અને પરમ ઔદારિક શરીર પણ નહિ મળે—એ વાત આમાં આવશે.

મારો ચિદાનંદ ભગવાન જ મારું સર્વસ્વ છે—એવું લક્ષ અને રુચિ બંધાણી નથી તે અશુભ અને શુભરાગના લક્ષમાં અને રુચિમાં રોકાય જાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનું લક્ષ છે તેને શુભભાવનું જ લક્ષ અને હેતુ બંધાયેલો છે. પોતાનો ચિદાનંદ ભગવાન આ બધાં વિકલ્પોથી પાર છે એવું લક્ષ અને રુચિ બંધાણી નથી. તેથી કહે છે કે એ ભસ્મ માટે રત્નરાશિને બાળી રહ્યો છે.

બીજું દ્રષ્ટાંત આ સમજવા માટે એ પણ આપ્યું છે કે સૂતરનો લાંબો દોરો મેળવવા માટે રત્નના હારને તોડી નાંખે છે, કરોડો રૂપિયાના હારને ચૂર્ણ કરી નાંખે છે, તેમ અજ્ઞાની પોતાના ચૈતન્યદેવની રુચિ અને દૃષ્ટિ કરવાની આ અમૂલ્ય અવસરને શુભાશુભભાવના હેતુએ જલાવી દે છે.

જંગલમાં બિરાજતા આચાર્યદેવ આવા દૃષ્ટાંતો ક્યાંથી લાવ્યા હશે! અનાદિથી દુનિયા આવું જ કરતી આવે છે. તેને આચાર્યદેવે દ્રષ્ટાંત વડે સ્પષ્ટ કર્યું છે. જેણે આત્મજ્ઞાન કર્યું છે તેને તો ભવિષ્યમાં અનંતજ્ઞાન અને પરમ ઔદારિક શરીર પ્રાપ્ત થાય છે પણ અજ્ઞાનીને તો અજ્ઞાનના કારણે કાંઈ મળવાનું નથી.

તીર્થંકરને તો જન્મથી જ પરમ ઔદારિક શરીર હોય છે. તેમને આહાર હોય પણ નિહાર ન હોય. એમના પરમ ઔદારિક શરીરમાં મળ-મૂત્ર કે રોગાદિ કાંઈ ન હોય. ત્રણ જ્ઞાન લઈને તો જન્મે, તીર્થંકર સિવાયના સામાન્ય કેવળીઓને પણ અનંત જ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત થાય છે પણ જે અજ્ઞાનમાં વર્તે છે, શુભાશુભભાવનો જ હેતુ રાખે છે તેને તો અનંત જ્ઞાનાદિ કે પરમ ઔદારિક શરીરાદિ કાંઈ નહિ મળે. માટે, આચાર્યદેવ કહે છે કે તેણે આ બધા ગુણોને જલાવીને રાખ કરી નાખ્યાં છે.

કોઈ કોદરી (ધાન) બનાવવા માટે ચંદનના આખા વનને બાળી દે તો કેવો મૂરખ છે! તેમ શુભાશુભરાગથી રહિત પરમાત્મતત્ત્વના શ્રદ્ધા જ્ઞાનનો અવસર મળ્યો છે તેને પુણ્ય કરવામાં અને પાપ કરવામાં ગુમાવી દે છે તે એવો જ મૂરખ છે. દ્રષ્ટાંત પ્રમાણે મૂરખ તો જગતમાં કોઈ હોતા નથી. કોઈ કોદરી ચડાવવા માટે ચંદનના વનને બાળતું નથી પણ પુણ્ય-પાપના લક્ષે આત્મદર્શનના સમયે બધાં અજ્ઞાની અવસર ખોઈ રહ્યાં છે. ૧૪૬ ગાથામાં આવા પાંચ દ્રષ્ટાંત આપ્યા છે (અન્ય શાસ્ત્રમાં). તેમ અહીં પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્રદેવ ૯૨મી ગાથામાં કહે છે કે જે પોતાની પ્રસિદ્ધિ-મોટાઈ અને પરવસ્તુના લાભના હેતુથી આત્મધ્યાનને છોડી દે છે તે લોખંડના ખીલા માટે દેવ અને દેવાલયને જલાવી દે છે.

લોઢાનો ખીલો અર્થાત્ અસાર એવા ઈન્દ્રિયસુખ નિમિત્તે મુનિપદ યોગ્ય શરીરરૂપી દેવસ્થાન અને આત્મદેવને ભવતાપની અગ્નિમાં જલાવીને ભસ્મ કરી દે છે. શુભભાવ અને અશુભભાવ એ બંને પ્રકારના ભાવ આતાપ છે–આકુળતા છે. મારે કામ કરવાનું રહી ગયું....આ કામ રહી ગયું.....એમ થાય છે પણ આખા આત્માને ઓળખવાનો રહી ગયો તેનો વિચાર તો કર! મારો ચિદાનંદ આત્મા મારા શ્રદ્ધા જ્ઞાનમાં નહિ રહેતાં વિકલ્પમાં રોકાઈ જાય છે એનો વિચાર તો કર!

અહીં આચાર્યદેવ જરા ઓલંભો (ઠપકો) આપે છે, કરુણાથી ઠપકો આપે છે કે અરે ભગવાન! તું પોતાના પરમાત્મસ્વરૂપની રુચિ, દૃષ્ટિ અને લક્ષ છોડીને બીજે રોકાય છે! તો તે આત્મદેવનો નાશ કરી નાંખ્યો છે. ભગવાન આત્મા તો સ્વભાવે ભવ અને ભવના ભાવ રહિત આત્મા છે. આવા આત્માની શ્રદ્ધા, જ્ઞાન, રુચિનું વજન, વીર્ય, અવલંબન, આશ્રય છોડીને એકલા શુભાશુભભાવમાં રોકાય છે તે ભવના આતાપથી આત્માને જલાવી દે છે.

ઘણાં વર્ષો પહેલાં એક મોટો પૈસાવાળો મિલમાલિક આવ્યો હતો. તેને કીધું કે આ આત્માની વાત સાંભળવાનો સમય તો લ્યો છે કે નહિ? તો તેણે એવો જવાબ આપ્યો કે મહારાજ! તમે નિવૃત્ત છો એટલે તમને એમ થાય પણ અમારાં સ્થાનમાં તમે હો તો ખબર પડે કે નિવૃત્તિ કેમ મળે! જુઓ! આ પૈસાના પાવર ચડી ગયેલાંના જવાબ આવા હોય. તેને કહ્યું કે તમને મરવાની નિવૃત્તિ મળશે કે નહિ મળે? તમે ક્યાં બોલો છો? કોની પાસે આવું બોલો છો? જ્યાં પૈસા મળે છે ત્યાં બોલો છો કે અમને નિવૃત્તિ નથી? પૈસાનો મોહ પોતાને નિવૃત્તિ લેવા દેતો નથી એનું ભાન નથી તેથી બોલે છે કે અમને આત્માની વાત સાંભળવાનો સમય નથી મળતો. કોની પાસે શું બોલવું તેની પણ ખબર નથી. અરે! પૈસા એટલે શું? કરોડ હોય કે અબજ હોય એ તો ધૂળ છે, તેને માટે રોકાયા છો? મમતામાં મરી જવું છે!

ભગવાન આત્મા તો નિવૃત્તસ્વરૂપ જ છે. શુભાશુભરાગથી નિવૃત્તસ્વરૂપ જ છે. સમયસારના ટીકાકાર અમૃતચંદ્રઆચાર્યદેવે પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું છે કે આત્મા અપરિગ્રહસ્વરૂપ છે. આત્મા શરીર, વાણી, મન અને કર્મથી પણ રહિત છે તો પૈસા તો બહુ દૂર રહી ગયા. મનમાં ઉઠતાં વિકલ્પોથી પણ આત્મા રહિત સ્વરૂપે છે. તેને (પર્યાયમાં) નિવૃત્ત કરવાનો વિચાર નહિ અને અમને કામ આડે વખત મળતો નથી એમ કહે છે! કામ નડે છે કે મમતા નડે છે? આવું કહ્યું એટલે ઘડીભર તો પહેલા ભાઈ ઠરી જ ગયાં. ભાઈ! તમે કોની દુકાને આવ્યા છો એનો વિવેક નથી! આ દુકાન પાસે આવીને આવી વાત તમે કરો છો? પૈસા એટલે શું પણ!! એક વીંછી કરડે ત્યાં વેપાર છોડીને દવાખાને દોડો છો કે નહિ?

આત્માના ભાન વગર કોઈ પણ રોગાદિની પીડા એને આકરી જ લાગવાની. અત્યારે તમને વીંછી તો કરડ્યો નથી, તો શું પીડા છે? અરે! ફલાણાભાઈને શરીર સારૂં અને મારે નહિ એ પીડા છે ને! ખરેખર તો બાહ્ય સામગ્રીથી કે રોગ-નીરોગતાથી પોતાની હીનતા કે અધિકતા માનવી એ જ મૂઢતા છે. બાહ્ય ચીજથી અનુકૂળતા માનવી કે પ્રતિકૂળતા માનવી

એ બધો ભ્રમ–અજ્ઞાન છે. સંયોગથી આત્માની (અનુકૂળતા-પ્રતિકૂળતાની) કલ્પના કરવી તે મૂઢતા છે. અરે! શુભભાવ કરીને તેનાથી પોતાની અધિકતા માનવી એ પણ મૂઢતા છે.

આત્માની અધિકતા તો સમયસારની ૩૧મી ગાથામાં કહ્યું છે તેમ શુભાશુભભાવ અને તેના નિમિત્ત બધાંથી રહિત જ્ઞાનસ્વરૂપે આત્માને અધિક જાણવો તેમાં છે. અનાદિ-અનંત હું આત્મા સદા નિવૃત્તસ્વરૂપ છું. મારાં સ્વભાવમાં પ્રવૃત્તિ કેવી? શું હું પરમાણુનું કાર્ય કરી શકું? પરમાણુનું કાર્ય એ જીવનું કાર્ય નથી. જીવનું કાર્ય તો પોતાનું લક્ષ કરવું, આશ્રય લેવો, ઉત્સાહ લાવવો, સ્વમાં સાવધાની કરવી એ છે. તેના બદલે પરમાં તારી સાવધાની અને ઉત્સાહ પડ્યો છે તેથી તે તારાં ચૈતન્યદેવને જલાવી દીધો છે એમ આચાર્યદેવ કહે છે.

શુદ્ધાત્માનું અંતરમાં લક્ષ અને રુચિનું જોર આપવું જોઈએ તે તો આપે નહિ અને અજ્ઞાનથી શુભભાવમાં રોકાય તેની કોઈ ગણતરી નથી. શુદ્ધાત્માના શ્રદ્ધાન, જ્ઞાન, સ્થિરતા થયા પછી શુભભાવ આવે છે તેને નિમિત્ત કહેવાય પણ શુદ્ધ ઉપાદાન તો હું જ શુદ્ધ ચૈતન્યજ્યોત છું. તેના આશ્રયે જ મારી શુદ્ધિની ઉત્પત્તિ, શુદ્ધિની વૃદ્ધિ અને શુદ્ધિનું ટકવાપણું છે. બાકી, શુભાશુભભાવથી શુદ્ધિની ઉત્પત્તિ, વૃદ્ધિ કે ટકવાપણું કોઈ કહે તો તે જૂઠી વાત છે.

નવા મહેમાનો આવ્યા છે તેને આ રાજુલ બતાવવી છે કે જુઓ! આ પૂવર્જન્મનો દાખલો! આત્મા અનાદિનો છે પણ અનંતકાળથી આત્માએ શુભાશુભરાગના પ્રેમમાં જ જીવન વીતાવી દીધાં છે.

ભાવાર્થ :—ભગવાન આત્માનો પ્રેમ–રુચિ છોડીને શુભાશુભ રાગના પ્રેમમાં રોકાય છે તે અજ્ઞાનમાં પ્રવૃત્ત છે. જ્યારે જીવ ખ્યાતિ, પૂજા, લાભના પ્રયોજનથી શુદ્ધાત્માની ભાવના છોડીને અજ્ઞાનભાવોમાં પ્રવર્તે છે ત્યારે તેને જ્ઞાનાવરણાદિ કર્મોનો બંધ થાય છે.

કહે છે કે જ્ઞાનાનંદપ્રભુનો અંતરથી આદર કરવાથી હું શુદ્ધ ચૈતન્ય આનંદમય છું એવી પ્રતીતિ થાય છે અને આ કેવળજ્ઞાન પ્રગટવાનો ઉપાય પ્રાપ્ત થાય છે. જ્યારે એનાથી વિપરીત, શુદ્ધ ભગવાનઆત્માની રુચિ, લક્ષ છોડીને શુભાશુભભાવની રુચિ કરે છે તો તેને કેવલજ્ઞાનાવરણીય કર્મ બંધાઈ જાય છે. વાણિયા હોય એ વધારે નફો મળે એવો જ ધંધો કરે. વ્યાજ વધારે મળે અને પૈસા ડૂબી ન જાય એવું હોય ત્યાં જ પૈસા વ્યાજે મૂકે. વ્યાજની ખાતર રૂપિયા જાય એવું હોય તો વ્યાજે રૂપિયા આપે જ નહિ. જ્યારે લોભિયા હોય તે વધારે પડતાં વ્યાજના લોભમાં મૂડી પણ ગુમાવી બેસે. પોતાનું પુણ્ય કેટલું છે તેનો વિચાર ન કરે.

અહીં કહે છે કે અરે! તારો ચૈતન્ય ભગવાન આત્મા શુદ્ધ ગુણનિધાન છે તેની રુચિ, જ્ઞાન અને આશ્રયનો અવસર આવ્યો છે તેને છોડીને અજ્ઞાનમાં પ્રવર્તે છો તો જ્ઞાનાવરણીયકર્મ બંધાઈ જશે. જો તું આત્માનું આરાધન કરીશ તો કેવળજ્ઞાન થશે અને તેનું આરાધન છોડીને શુભ કે અશુભ ભાવનું આરાધન કરીશ તો કેવળ જ્ઞાનાવરણીય કર્મ બંધાઈ જશે.

એને એમ થાય છે કે આ શરદી અને શ્વાસ આદિ રોગમાં રોકાવું પડે છે તેમાં આત્માનું ધ્યાન કેમ થઈ શકે? શું આ વાત સાચી છે? કોઈ બાહ્યસ્થિતિ કે બાહ્યસાધન આત્માની એકાગ્રતાને રોકી શકે છે? ત્રણકાળ ત્રણલોકમાં બાહ્ય પ્રતિકૂળતા આત્માને પોતાનું કાર્ય કરવામાં રોકી શકતી નથી. તેમ જ બાહ્યની અનુકૂળ સામગ્રી આત્માને શાંતિ પ્રગટ કરવામાં મદદ કરી શકતી નથી. પોતાના આત્માની અનુકૂળતા જોઈએ. બાહ્ય અનુકૂળતા આત્માનું સાધન થઈ શકતી નથી. સનતકુમારમુનિને ગલત્ કોઢ હતો. એ શું મુનિને આત્મસાધનામાં રોકી શક્યો?

આ મૂઢ તો કહે છે કે મારે આટલી અનુકૂળતા હોય તો પછી હું ધર્મ કરી શકીશ...મૂઢ છો ભાઈ! મોટું સાધન તો તારી પાસે જ છે. આત્મામાં 'સાધન' નામની શક્તિ પડી છે માટે તેને બાહ્ય સાધનની અપેક્ષા રાખવાની જરૂર નથી. આત્માનું મોક્ષમાર્ગનું કાર્ય કરવાની શક્તિ આત્મામાં જ છે. તેમાં પરસાધન કાંઈ કરી આપે તેમ નથી.

હું પરના કામ કરી લઉં પછી મારું કામ કરીશ...એવી વૃત્તિ પણ પડી હોય છે. આત્મા–ચૈતન્યમૂર્તિનું આશ્રય અને લક્ષ, રુચિ છોડીને એકલા પરના લક્ષ અને રુચિમાં પડ્યો છે તે મૂઢ આત્માની મૂર્તિને જલાવી દે છે. આ ચાર દીકરા અને ચાર દીકરીઓ છે તેને પરણાવી દઉં, સારા વેવાઈ મળી જાય પછી નિરાંતે ધર્મ કરીશ. પણ અરે! તારા ધર્મનું સાધન તો તારામાં પડ્યું છે તેને દીકરા-દીકરી ક્યાં રોકે છે? બાહ્ય લક્ષમાં જ રોકાઈશ તો આંખ બંધ થતાં નરક-નિગોદમાં ચાલ્યો જઈશ. ક્યાંય તારો પત્તો પણ નહિ લાગે કે આ માણસ હતો તે ક્યાં ગયો આવો અવસર મળ્યો તેમાં ન સમજ્યો તો પછી મનુષ્યપણું મળવું પણ મુશ્કેલ છે. ટાણાં આવ્યા છે ત્યારે આત્માનું કાર્ય કરવાનો તને અવકાશ નથી?

અહીં આચાર્યદેવ ઓલંભો આપે છે કે ભગવાન જ્ઞાનાનંદપ્રભુનો આશ્રય લેવાનો કાળ છે ત્યારે તેને છોડીને અજ્ઞાનભાવમાં તને પરનો આશ્રય રુચે છે અને પર તરફની અનુકૂળતા થશે ત્યારે હું ધર્મ કરીશ એવા ભાવથી તું તારાં આત્મદેવને જલાવી રહ્યો છો.

મૂઢ થઈને તું ચારગતિમાં ચાલ્યો જઈશ. આવો અવસર ફરી નહિ મળે. માંડ માંડ અવસર મળ્યો છે તેને તું ચૂકી રહ્યો છે.

આત્મામાં જ્ઞાન ને આનંદ છે તેની રુચિ કરવાના સમયે જીવ બાહ્યના આ કામ કરી લઉં.... તે કામ કરી લઉં એવી મિથ્યાભ્રમની દૃષ્ટિ કરી રહ્યો છે. તેનાથી મોહનીય બંધાય છે. તેના ઉદયમાં આત્માનું અનંતસુખ ઢંકાઈ જાય છે. શ્રીમદ્જીએ સોળ વર્ષની ઉંમરે આ જ લખ્યું છે કે—

સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો?

બાહ્ય સુખ મેળવવા જતાં પોતાના અનંતસુખનો ઘાત થાય છે તેનું પણ તને લક્ષ નથી? કાંઈ વિચાર નથી? એમ કહીને શ્રીમદે પછી તો એટલું કડક લખ્યું કે અરે ચૈતન્ય! પુણ્ય અને પાપના રાગની એકતાના કારણે ક્ષણે ક્ષણે તારું મૃત્યુ થાય છે. દ્રવ્યમરણ તો એકવાર થશે ત્યારે થશે પણ આ ભાવમરણ તો રાગની રુચિના કારણે ક્ષણે ક્ષણે થઈ રહ્યું છે. શું કહ્યું? સમજમાં આવ્યું!! શુદ્ધ ચિદાનંદ પ્રભુની રુચિના કાળે તેની રુચિ નહિ કરીને પુણ્ય-પાપના રાગની રુચિ અને એકતાબુદ્ધિના કારણે ક્ષણે ક્ષણે તારાં આનંદકંદનું મૃત્યુ થાય છે. સોળ વર્ષે શ્રીમદ્ રાજચંદ્ર આવું કહી ગયા છે. તેત્રીસ વર્ષે તો દેહ છૂટી ગયો. એક અવતારી થઈ ગયા. ગૃહસ્થાશ્રમમાં હતાં, લાખોનો વેપાર હતો પણ તેને પોતાનો માનતા ન હતાં. મારી ચીજ તો આ બધાથી ભિન્ન છે એમ અંતરમાં આત્માનું ભાન હતું. આત્માના ભાન વગર તો ત્યાગી હોય તોપણ અનંત સંસારમાં રખડે છે અને આત્માના ભાનવાળા ગૃહસ્થ પણ એક અવતારી થઈ જાય છે. શ્રીમદ્જીને અંતરમાં આત્માનું ભાન હતું તેથી આવું લખીને ગયા છે કે—

અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે;
તેથી દેહ એક ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે....

૩૩ વર્ષે તો દેહ છોડી દીધો. એ પહેલા આવું લખીને ગયા કે એક તરફ જોઈએ તો દૃષ્ટિમાં ભગવાન આત્મા આવે છે અને બીજી તરફ થોડો રાગ પણ દેખાય છે તેથી ખ્યાલમાં આવે છે કે હજુ થોડાં કર્મોનો ભોગવટો બાકી રહ્યો છે, તેથી હવે એકાદ મનુષ્યદેહ ધારીને સ્વરૂપ સ્વદેશમાં ચાલ્યા જઈશું.

અહાહા...! દેહ, વિકલ્પ આદિથી ન્યારા ચૈતન્યદેવનો સમ્યક્ અનુભવ થયો તે ગૃહસ્થ

હોય તોપણ ગૃહસ્થાશ્રમ આત્મામાં ક્યાં હતો! શ્રીમદ્ જેવા જ્ઞાની પડકાર મારે છે કે થોડો રાગ બાકી રહ્યો છે તે અમારા માટે પરદેશ છે. એકાદ ભવમાં તેમાંથી ખસીને સ્વરૂપ સ્વદેશમાં સદાયને માટે સમાઈ જશું. શુભાશુભભાવ અને તેનું ફળ પરદેશ છે તેને છોડીને કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત કરીને સ્વરૂપ-સ્વદેશમાં આવી જશું. અનુભવીને અંતરમાંથી આવા પડકાર આવે. મારે હજુ કેટલા ભવ હશે તે ભગવાન જાણે–એવી વાત ન હોય. અમે તો જ્ઞાતા-દ્રષ્ટા ભગવાન આત્મા છીએ. અમારે ભવ અને ભવનો ભાવ કેવો! જેટલો રાગ છે એટલી દેહની ક્રિયા પણ છે પણ તેની સાથે અમારે શું સંબંધ છે! એમ આત્મભાન વડે ધર્મી આત્માને ઉજ્જ્વળ કરે છે, જ્યારે અજ્ઞાની આવા અવસરમાં પુણ્ય-પાપની એકત્વબુદ્ધિમાં આત્માને જલાવી દે છે.

અરે! દેહ તો અનંતવાર છૂટ્યા પણ અમૃત આનંદકંદની રુચિ અને પ્રેમ છોડીને શુભાશુભરાગની રુચિ કરે છે તેમાં તો ક્ષણે ક્ષણે આત્માનું ભાવમરણ થાય છે. ચૈતન્યભગવાનના ભાવપ્રાણની હિંસા થાય છે. ક્ષણે ક્ષણે થતી આ ભૂલ કોઈ સામાન્ય ભૂલ નથી, ભયંકર ભૂલ છે. જ્ઞાનીને પણ અલ્પ ભોગ આદિનો રાગ તો આવે છે પણ તે દોષ બહુ અલ્પ છે. આખા દરિયામાં ચપટી રાખ નાખવા જેવો સામાન્ય દોષ છે. પણ અજ્ઞાનીની દેહની અને રાગની ક્રિયાની મમત્વબુદ્ધિનો દોષ એવો ભયંકર છે કે તે ક્ષણે ક્ષણે આત્માને અનંત સંસારની વૃદ્ધિ વડે જલાવી દે છે.

અજ્ઞાનીને વીર્યાન્તરાયના ઉદયથી અનંતબળ રોકાય છે. પોતાની અંદર અનંત ચતુષ્ટયમાં અનંત વીર્ય પડ્યું છે તેની અંતર્મુખ થઈને શ્રદ્ધા જ્ઞાન કરતા નથી અને બાહ્ય શરીરબળ અને ક્રિયાકાંડનાં બળમાં પોતાની રુચિ જોડીને અજ્ઞાની પોતાના અનંતબળને આવરણ થાય એવું વીર્યાન્તરાય બાંધી દે છે. એ જ રીતે કેવળદર્શનાવરણીય કર્મ બાંધીને અજ્ઞાની પોતાના કેવળદર્શનનું આચ્છાદન કરે છે. પોતાનો પરમાત્મસ્વભાવ તો 'દ્રષ્ટા' છે. તેની રુચિ નહિ અને વિકલ્પ અને ક્રિયાકાંડ એ જ મારું કર્તવ્ય છે એમ માનીને રુચિપૂર્વક કર્તા થાય છે તેથી અજ્ઞાનીને દર્શનાવરણીય કર્મ બંધાય છે અને તેના ઉદયમાં પોતાનો દ્રષ્ટાગુણ ઢંકાઈ જાય છે.

આ રીતે, અજ્ઞાનીને અનંત ચતુષ્ટયનું આવરણ થઈ રહ્યું છે. સ્વરૂપની આરાધના કરે તો તો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્યની પ્રાપ્તિ થાય પણ સ્વરૂપની આરાધના તો કરતો નથી અને દેહ તથા રાગની ક્રિયા પ્રેમ અને રુચિથી કરે છે તેથી કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટય પ્રાપ્ત થતાં નથી, સાથે તેની પ્રાપ્તિમાં નિમિત્ત એવું પરમઔદારિક

શરીર પણ મળતું નથી. ભગવાન કેવળીને રોગ થાય, ભૂખ લાગે, તરસ લાગે, એવું શરીર ન હોય. પરમઔદારિક શરીર જ હોય. તેમાં ભૂખ-તરસ કે રોગાદિ ન હોય. જ્યાં ઉપાદાનમાં અનંતજ્ઞાન પ્રગટ થાય ત્યાં નિમિત્તમાં દેહ પણ એને અનુરૂપ પરમઔદારિક જ હોય. માટે ભગવાનને રોગ આવ્યો અને દવા લીધી એવી બધી વાતો ખોટી છે. એ વાતો કરનારને 'ભગવાન કેવા હોય? કેવળજ્ઞાન શું છે? તેનો ઉપાય શું છે? એ કાંઈ ખબર નથી. સાચો માર્ગ શું છે? માર્ગનું ફળ શું છે? માર્ગનો ઉપાય શું છે? માર્ગનો આશ્રય શું છે? તે કાંઈ એણે જાણ્યું નથી.

જે કોઈ સમભાવ શુદ્ધાત્માની ભાવના કરે તે અત્યારે સ્વર્ગમાં જઈને પછી વિદેહમાં મનુષ્ય થઈને મોક્ષ પામે છે. અહીં પંચમકાળ છે તેથી સીધો મોક્ષ ન થાય પણ શુદ્ધાત્માની આરાધનાના ફળમાં એકાદ ભવ સ્વંગનો થાય પછી મોક્ષ થાય જ. સત્ ચિદાનંદપ્રભુની રાગરહિત આરાધના કરવાથી મોક્ષનું ફળ મળે છે. જેટલો રાગ બાકી છે તેના ફળમાં સ્વર્ગનો ભવ કરીને પછી મહાવિદેહમાં મનુષ્ય થઈને બાકી રહેલી આરાધના પૂરી કરીને મોક્ષ પામે છે.

આવું જ કથન મોક્ષપાહુડમાં કુંદકુંદઆચાર્યદેવે કહ્યું છે કે તપથી સ્વર્ગ તો બધાં પામે છે પણ જે કોઈ ધ્યાનથી સ્વર્ગ પામે છે તે પરભવમાં અવિનાશી સુખને પ્રાપ્ત થાય છે. શુદ્ધ ચિદાનંદ પ્રભુની શ્રદ્ધા, જ્ઞાન અને નિર્મળ એકાગ્રતા અને અનુભવ થયો પણ અલ્પ રાગ રહ્યો છે તો તેના ફળમાં સ્વર્ગે જઈને પછી મનુષ્યભવમાં આરાધના પૂરી કરીને મોક્ષ જશે.

શુદ્ધ ચિદાનંદ આત્માના આશ્રયે જ લાભ છે. એવા ભાન વિના એકલા ક્રિયાકાંડ કરીને અજ્ઞાની અનંતવાર સ્વર્ગમાં ગયો પણ તેમાં કોઈ નવીનતા નથી. કુંદકુંદઆચાર્ય કહે છે કે જે શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ અને અનુભવ સહિત રાગનો કર્તા થતો નથી, રાગથી લાભ માનતો નથી, શુદ્ધ ચૈતન્યની આરાધના કરે છે પણ થોડો રાગ રહી જાય છે તેના ફળમાં સ્વર્ગમાં જાય છે એ જીવોની બલિહારી છે. તેમનું સ્વર્ગ પામવું સફળ છે. કેવળજ્ઞાન પામ્યા નથી પણ અંતરમાં શ્રદ્ધા-જ્ઞાનની નિર્મળતા દ્વારા એણે અનંત સંસારનો છેદ કરી નાખ્યો છે. બીજા ગામે જતાં વચ્ચે ધર્મશાળામાં રોકાય તેમ એકાદ સ્વર્ગનો ભવ કરીને તે પોતાની પૂર્ણતાને પ્રાપ્ત કરશે. આત્માના ભાન વિના એકલાં શુભરાગના ફળથી સ્વર્ગમાં જનારા તો સંસારમાં ભમે છે. માટે તેમની સ્વર્ગ પ્રાપ્તિ પણ વૃથા છે, નકામી છે.

*(ક્રમશઃ)*

# મુક્ત-સ્વરૂપની દૃષ્ટિ જ મુક્તિનું કારણ છે

(શ્રી સમયસાર નાટક શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૧૧૬)

આ, શ્રી સમયસાર નાટક શાસ્ત્ર છે. મોક્ષ અધિકાર ચાલી ગયો છે, તેનો સાર ચાલે છે.

પ્રગટ થાઓ...જાહેર થાઓ...પ્રસિદ્ધ થાઓ કે મિથ્યાત્વ તે જ આસ્રવ અને બંધ છે. મિથ્યાત્વ શું છે?-કે નિમિત્તનો આશ્રય કરવો, શુભાશુભભાવનો આશ્રય લેવો તે બધો મિથ્યાત્વભાવ છે. આ મિથ્યાત્વ જ વિકાર છે, આસ્રવ છે, બંધ છે અને સંસાર છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામની રુચિ, નિમિત્તોની રુચિ અને એક સમયની શુદ્ધપર્યાયની રુચિ તે પણ મિથ્યાત્વ છે.

પ્રશ્ન :—એક સમયની શુદ્ધ પર્યાયની રુચિ પણ મિથ્યાત્વ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—મિથ્યાદૃષ્ટિને તો શુદ્ધપર્યાય છે જ ક્યાં? સમકિતીને શુદ્ધપર્યાય છે પણ તેની રુચિ નથી, રુચિ અને દૃષ્ટિ દ્રવ્યની છે. વસ્તુ સૂક્ષ્મ છે. ભાઈ! પ્રગટ નિર્મળ પર્યાયને પણ નિશ્ચયથી પરદ્રવ્ય કહેવામાં આવી છે.

નિમિત્ત અથવા સંયોગ દેવ-શાસ્ત્ર-ગુરુનો હો કે સ્ત્રી, કુટુંબ, પરિવારનો હો કે સમ્મેદશિખર કે શત્રુંજયનો હો...તેની રુચિ તથા દયા-દાન-વ્રતાદિ કે હિંસા-જૂઠ-અવ્રતાદિની રુચિ તથા એક સમયની પર્યાય-જે પ્રગટ અંશ છે તેની રુચિ એ જ સંસાર, એ જ મિથ્યાત્વ અને એ જ આસ્રવ-બંધ છે. જ્ઞાની સમકિતીને આ બધું જ હોવા છતાં તેની રુચિ નથી. રુચિ તો દ્રવ્યની છે કે જેમાં ગુણ રત્નોની ખાણ પડી છે.

જુઓ! આવી વાત જૈન સિવાય બીજે ક્યાંય હશે? ભગવાન ત્રણલોકના નાથે આત્માને ત્રિકાળ આનંદકંદ જોયો છે. સર્વજ્ઞ સિવાય આવી વસ્તુ બીજાં કોઈને જોવામાં આવતી નથી. માટે, સર્વજ્ઞે કહેલાં આગમ અને સર્વજ્ઞ અનુસારિણી વાણી જ 'પ્રમાણ' છે, તે સિવાય અજ્ઞાનીની વાણી કે દલીલ આદિ કાંઈ પ્રમાણ નથી.

ભાઈ! મિથ્યાત્વ જ સંસાર છે. રાગની, નિમિત્તની કે પર્યાયની રુચિ એટલે દ્રવ્ય

સાથે તેની મૈત્રી કરવી તે મિથ્યાત્વ છે. વીતરાગપર્યાયમાં પણ રુચિ તો દ્રવ્યની છે. વીતરાગપર્યાયમાંથી વીતરાગતા આવતી નથી, સમ્યગ્દર્શન પર્યાયમાંથી સમ્યક્ચારિત્ર આવતું નથી. ત્રિકાળી દ્રવ્યસ્વભાવની રુચિથી સમ્યક્ત્વાદિ પર્યાયો પ્રગટ થાય છે. દૃષ્ટિનો વિષય તો ધ્રુવ જ છે.

ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ, ચૈતન્યઘન, આનંદકંદ છે પણ તેનો એને વિશ્વાસ નથી અને શરીર મારું, વાણી મારી, રાગ મારો છે અને એક સમયનો અંશ જ હું છું એવો વિશ્વાસ છે તે જ મિથ્યાત્વ છે, એ જ આસ્રવ-બંધભાવ છે, સંસારભાવ છે. આવી વાત સર્વજ્ઞ વીતરાગ સિવાય ક્યાંય ન હોય.

'મિથ્યાત્વ જ સંસાર છે' એમ શબ્દો કહ્યાં છે તો તેમાં એકાંત તો નથી થતું ને? મિથ્યાત્વ એક જ સંસાર હોય તો અવ્રત, પ્રમાદ, કષાય અને યોગને શું કહેશો? શું એ સંસાર નથી? શું એ આસ્રવ-બંધના કારણ નથી? એમ પ્રશ્ન ઉઠે. તો કહે છે કે અવ્રત, પ્રમાદ, કષાય, યોગ તો અલ્પ આસ્રવ છે તેની કોઈ ગણતરી નથી. અનંત સંસારનો આસ્રવ કરનાર તો મિથ્યાત્વભાવ જ છે. માટે, મિથ્યાત્વ જ આસ્રવ છે–બંધ છે–દુઃખ છે–સંસાર છે અને તેનો અભાવ અર્થાત્ સમ્યક્ત્વ તે જ સંસારનો અભાવ છે, દુઃખના નાશનો ઉપાય છે. સમ્યક્ત્વ તે જ સંવર, નિર્જરા અને મોક્ષ છે. મિથ્યાત્વ તે સંસાર છે તો તેની સામે સમ્યક્ત્વ તે મોક્ષ છે.

અરે પ્રભુ! તારી એક એક શક્તિમાં અનંતી તાકાત છે એવો અનંત શક્તિવાન તું પરમાત્મા છો, તું જિનસ્વરૂપ આત્મા છો. તેની રુચિ છોડીને રાગની રુચિ કરે છે એ પામરતાની રુચિ છે. એ રુચિ તારી પ્રભુતાને લૂંટી લે છે. અનંતકાળમાં તે પોતાની ચીજનું અવલંબન લીધું જ નથી. બાહ્ય ચીજનું અવલંબન લીધું છે. હવે, જો રાગની–વ્યવહારની રુચિનો, પરની રુચિનો, એક સમયની પર્યાયની રુચિનો અભાવ અને ત્રિકાળ જ્ઞાયકભાવની રુચિનો સદ્ભાવ થાય તો એ સમ્યક્ત્વ છે. પરમ સત્ ત્રિકાળી ભગવાનનો આશ્રય લેવો તે જ સમ્યક્ત્વ છે, તે સંવર, નિર્જરા અને મોક્ષનું કારણ છે. આ મૂળ વાત છે.

અહા! સમ્યગ્દર્શન શું છે તે લોકોને ખબર નથી. એટલે વ્રત લઈ લો, તપ કરો, સંયમ-પાળો એમ બાહ્ય ક્રિયા અને રાગની ક્રિયા કરતાં કરતાં આત્માનો આશ્રય થઈ જશે એમ માને છે, તે મિથ્યાદૃષ્ટિની મૂઢતા છે.

ત્રિકાળી આનંદકંદ પ્રભુ જ મૂળ વસ્તુ છે, તે જ સત્ય છે, તે જ ભૂતાર્થ છે, તે

જ યથાર્થ છે, તેની સન્મુખ થઈને સ્વદ્રવ્યનું જ્ઞાન કરીને પ્રતીતિ કરવી એ જ સમ્યગ્દર્શન છે, એ જ સંવર નિર્જરા અને મોક્ષ છે. આત્મા મોક્ષસ્વરૂપ છે તેની પ્રતીતિ અને અનુભવ થવો તે મોક્ષ છે. અસ્થિરતાનો થોડો ભાગ બાકી છે તે ગૌણ છે, એ તો નીકળી જશે. મૂળ હાથ આવી ગયું પછી શું બાકી રહે!

આત્મા પોતે સાક્ષાત્ ભગવાન છે. 'વસ્તુ' તરીકે આવા ભગવાન આત્માનો અનુભવ કરતાં જે આનંદ સહિત પ્રતીતિ આવે છે તેનું નામ સમ્યગ્દર્શન અને સ્વાનુભૂતિ છે. પ્રભુ પોતે મહા ખજાનો છે, તેનો વિશ્વાસ લાવવા જેવો છે. આત્મા પરમ અમૃતનો સાગર છે. લોકોને એમ લાગે કે શું સમકિત થયું એટલે મોક્ષ થઈ ગયો? અરે ભાઈ! જેણે ત્રિકાળી શક્તિના નાથને અનુભવ સહિત પ્રતીતિમાં લીધો તેણે આખા આત્માને કબજે કરી લીધો છે. જેમાં અનંત ચારિત્રશક્તિ પડી છે, અનંત વીર્ય પડ્યું છે, અનંત આનંદ પડ્યો છે તે બધું કબજે થઈ ગયું. તેનું વીર્ય હવે સ્વ તરફ ગતિ કરવા લાગે છે.

જુઓ! કેટલું સ્પષ્ટ કર્યું છે! સમ્યગ્દર્શન સંવર છે, સમ્યગ્દર્શન નિર્જરા છે અને સમ્યગ્દર્શન મોક્ષ છે. કાલે શ્રીમદ્‌માંથી કહ્યું હતું ને! દિગંબરના આચાર્યો એમ માને છે કે આત્મામાં મોક્ષ થતો નથી–મોક્ષ સમજાય છે. અજ્ઞાનમાં એણે માન્યું હતું કે હું રાગાદિ બંધસ્વરૂપ છું, સમ્યક્ત્વ થતાં એ છૂટી ગયું અને પોતાને બંધરહિત–અબંધસ્વરૂપ દેખાવા લાગ્યો. માટે કહ્યું કે જીવનો મોક્ષ થતો નથી પણ હું મોક્ષસ્વરૂપ છું એમ સમજવામાં આવી જાય છે.

સાધારણ માણસને અઘરી લાગે પણ મૂળ મારગની વાતો તો આવી છે ભાઈ! મૂળ મારગ તો સમજ્યા વિના બધું નિરર્થક છે. વૃક્ષનું મૂળ કાપે તો પાંદડા તો પંદર દિવસમાં સૂકાઈ જવાના. તેમ, સંસારવૃક્ષનું મૂળ મિથ્યાત્વ છે, તેનો સ્વભાવના આશ્રયે નાશ કર્યો તો રાગના પાંદડા તો સૂકાઈ જવાના. મૂળમાંથી પોષણ ન મળે એટલે પાંદડા સૂકાઈ જાય. તેમ મિથ્યાત્વરૂપી મૂળનો નાશ થતાં અવ્રત, પ્રમાદ, કષાય આદિને પોષણ નહિ મળતા તે ટળી જાય છે.

સાક્ષાત્ ચૈતન્ય પરમાત્માને અનુસરી ને જે પરિણતિ પ્રગટ થાય એ જ સમ્યગ્દર્શન છે, એ જ સંવર, નિર્જરા અને મોક્ષ છે. સમ્યગ્દષ્ટિને વ્રતનો વિકલ્પ આવે છે તે પણ આસ્રવ છે, તો મિથ્યાદષ્ટિ વ્રત લઈ લ્યો....વ્રત લઈ લ્યો તો સંસાર છૂટી જશે એમ માને છે પણ એ તો આસ્રવભાવ જ છે. સ્ત્રી-પુત્રાદિ છોડી દઉં તો મારો સંસાર છૂટી જાય...ભાઈ! તને અજીવ અને આસ્રવતત્ત્વની પણ ખબર નથી. જે છૂટાં

જ પડ્યાં છે એવા અજીવતત્ત્વને તારાથી ભિન્નપણે જાણ તો એ તો છૂટાં જ છે.

મોક્ષ આત્માનો નિજસ્વભાવ અર્થાત્ જીવની કર્મમળરહિત અવસ્થા છે. અષ્ટપાહુડમાં મોક્ષપાહુડની એક ગાથામાં આવે છે કે સમ્યક્ત્વનું ધ્યાન કરવાથી અષ્ટકર્મનો નાશ થાય છે. હું પૂર્ણ આનંદમય પૂર્ણ શુદ્ધ છું એવું ધ્યાન કરવાથી આઠ કર્મોનો નાશ થાય છે. રાગાદિ મળથી રહિત 'મોક્ષ' એ આત્માની નિર્મળદશા છે.

વાસ્તવમાં વિચારવામાં આવે તો જીવ મોક્ષસ્વરૂપ હોવાથી તેનો મોક્ષ થતો નથી કેમ કે નિશ્ચયનયમાં જીવ બંધાયો નથી–અબંધ છે અને જ્યારે અબંધ છે ત્યારે છૂટશે શું? જીવનો મોક્ષ થયો એ કથન વ્યવહારમાત્ર છે. જીવ તો હંમેશા મોક્ષરૂપ જ છે.

યથાર્થદષ્ટિએ જોઈએ તો જીવનો મોક્ષ થતો નથી. શ્રીમદે પણ આ વાત ૩૨મા વર્ષમાં લખી છે કે દિગંબરના આચાર્યોએ એવું સ્વીકાર્યું છે કે 'જીવનો મોક્ષ થતો નથી પરંતુ મોક્ષ સમજાય છે'. હું ત્રિકાળ રાગરહિત છું મારે બંધન જ નથી. સમયસારમાં ૧૪-૧૫ ગાથામાં પણ આવ્યું કે જીવ અબદ્ધ છે. અબદ્ધ એટલે બંધાયેલો નથી, મોક્ષસ્વરૂપ છે. તે એ રીતે કે આત્મા શુદ્ધસ્વરૂપ છે. આસ્રવ અને બંધ આત્માના સ્વરૂપમાં નથી, માત્ર પર્યાયમાં છે. પુણ્ય-પાપ અને ભાવબંધ આત્માના સ્વરૂપમાં ક્યાં છે! આત્મા તો ભાવબંધ અને ભાવઆસ્રવથી રહિત શુદ્ધસ્વરૂપી છે. વસ્તુમાં બંધ કેવો! વસ્તુસ્વભાવમાં બંધ હોય તો બંધનો અભાવ કદી થાય જ નહિ. પર્યાય અપેક્ષાએ તો અબંધ છે. અંતરમાં અનુભવમાં આવી પ્રતીતિ આવવી તેમાં અનંત પુરુષાર્થ છે. તેની કિંમત નહિ અને બહારથી ક્રિયા કરવામાં રસ છે તેને અંતર અનુભવ ક્યાંથી થાય!

આત્માને દ્રવ્ય અપેક્ષાએ બંધ થયો જ નથી તો પછી મોક્ષ ક્યાંથી થાય! અજ્ઞાનથી એણે માન્યું હતું કે હું રાગસહિત છું અને હું જ બંધાઉં છું.... વિચાર વડે કરી સમજાય છે–સમ્યગ્જ્ઞાન વડે સમજાય છે કે ખરેખર હું રાગથી બંધાયેલો નથી. મારામાં દ્રવ્યબંધ તો નથી જ પણ રાગમાં રોકાવારૂપ જે 'ભાવબંધ' તે પણ મારું સ્વરૂપ નથી.

આ તો વીતરાગમારગ છે બાપુ! સર્વજ્ઞદેવ એક સમયમાં અનંતા કેવળીઓને જાણે, ભૂત, ભવિષ્ય, વર્તમાનને ત્રણકાળને જાણે...અરે! એ જ્ઞાનની સત્તાનું માહાત્મ્ય કેટલું! એક સમયની પર્યાયની એટલી તાકાત છે તો એ દ્રવ્યનું માહાત્મ્ય કેટલું! દ્રવ્ય સ્વભાવે હું મુક્ત જ છું, મને બંધન નથી. માત્ર, માન્યતા એવી હતી કે હું રાગી છું, એવું માનવાપણું શુદ્ધસ્વરૂપ સમજવાથી રહેતું નથી. માટે 'મોક્ષ સમજાય છે' આ વાત શુદ્ધનયની–નિશ્ચયનયની છે.

પર્યાયનયવાળા એટલે કે રાગ મારો છે, પુણ્ય મારું છે એમ વળગી રહેલાં જીવો જો આમ આચરણ કરવા લાગે કે મારે કાંઈ બંધ નથી, હું તો મુક્ત છું– તો એ રખડી મરવાના છે કારણ કે પર્યાયબુદ્ધિમાં તો પડેલાં છે અને શુદ્ધનય જેવું આચરણ કરવા લાગે તો શું થાય!

બે વસ્તુ હોય તો બંધ થાય ને! એકલાં આત્માને બંધ કેવો! પ્રવચનસારમાં આવે છે કે 'ભાવબંધ છે તે દ્વિતીય છે, આત્માની ચીજ નથી'. અબંધસ્વરૂપી આત્મા જ્ઞાનમાં આવ્યો તેને મોક્ષ જ છે. એકડે એક અને બગડે બે. બે થાય તો બંધ થાય. એકરૂપ શુદ્ધસ્વરૂપમાં બંધ નથી. સમ્યગ્દર્શનના વિષયભૂત ધ્રુવવસ્તુ અબંધ છે તે અલૌકિક ચીજ છે. તેનું સમ્યગ્દર્શન થયું તેને સમ્યગ્જ્ઞાન અને મોક્ષ થશે જ. જ્યાં અબંધ વસ્તુનું ભાન થયું, શ્રદ્ધા થઈ તે પરિણામ પણ અબંધ થઈ ગયા. દ્રવ્ય અને ગુણો તો અબંધ છે અને પરિણામ પણ અબંધ થઈ ગયાં.

આ મૂળ ચીજ છે તેની સમજ વિના વ્રત-તપ કરીને મરી જાય તો પણ એ એકડા વિનાના મીંડા છે, રણમાં પોક મૂકવા જેવું કાર્ય છે. અરણ્યરૂદનને કોણ સાંભળે!

ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપી પ્રભુ અબંધ જ છે તો એ છૂટશે શું! પુરુષાર્થસિદ્ધિ ઉપાયની ૧૪મી ગાથામાં અમૃતચંદ્રાચાર્ય કહે છે કે ભગવાન આત્મા કર્મ અને કર્મના નિમિત્તે થતાં વિકારથી અસમાહિત છે. જડ કર્મ અને રાગરૂપી આસ્રવથી આત્મા રહિત છે તેને સહિત માનવો એ ભવનું બીજ છે. ભવનું બીજ એટલે મિથ્યાત્વ છે. મિથ્યાત્વ જ ભવનું બીજ છે.

જીવનો મોક્ષ થયો એ કથન વ્યવહારમાત્ર છે. નિશ્ચયથી તો જીવ ત્રિકાળી જ્ઞાયકભાવ જ છે. સિદ્ધદશા અને સંસારદશા પર્યાય છે માટે વ્યવહાર છે. વીતરાગે કહેલો ત્રિકાળી આત્મા એ જ ખરો 'આત્મા' છે. વીતરાગ સિવાય બીજો કોઈ આત્માની વાત કરે છે તે યથાર્થ આત્મા નથી. કેવળજ્ઞાનમાં ભગવાને એક એક આત્માને જેવો જોયો છે તે આ અબંધ અને શુદ્ધસ્વરૂપી આત્મા છે તેને મોક્ષ કહેવો એ વ્યવહાર છે, પર્યાય છે. દ્રવ્ય તો સદા મોક્ષસ્વરૂપ જ છે.

આ વાત જગપ્રસિદ્ધ છે કે જે મનુષ્ય બીજાના ધન ઉપર પોતાનો અધિકાર જમાવે છે તે મૂર્ખને લોકો અન્યાયી કહે છે. જો તે પોતાની જ સંપત્તિનો ઉપયોગ કરે છે તો લોકો તેને ન્યાયશીલ કહે છે. નિયમસારમાં પણ આવું દ્રષ્ટાંત આવે છે કે નિધિ પામીને જીવ એકાંતમાં તેનો ભોગ કરે છે. આ બહારની નિધિનું દ્રષ્ટાંત છે. પોતાના પુણ્યના કારણે મળેલી લક્ષ્મી પોતે ભોગવે તો તેને ચોર ન કહેવાય. લૌકિક અપેક્ષાએ તેને ન્યાય કહેવાય,

ધર્મ અપેક્ષાએ નહિ. ધર્મની અપેક્ષાએ તો જ્યારે આત્મા પરદ્રવ્યોમાં અહંકાર કરે છે ત્યારે તે અજ્ઞાની મિથ્યાત્વી છે અને જ્યારે આવી ટેવ છોડીને તે અધ્યાત્મિકવિદ્યાનો અભ્યાસ કરે છે તથા આત્મિકરસનો સ્વાદ લે છે ત્યારે તે જ્ઞાની થાય છે.

આ પરદ્રવ્ય મારાં છે, રાગ તે હું છું, પર્યાય માત્ર જ હું છું એમ અહંકાર કરે છે તે અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. આત્મા તો ખરેખર પરદ્રવ્યને તો સ્પર્શતો નથી પણ રાગને પણ સ્પર્શતો નથીં. આત્માને માટે 'કરના સો મરના' જેવી વાત છે. આત્માને રહેવાનું સ્થાન–આયતન પોતાનો આત્મા છે, બાકી બધાં પરદ્રવ્ય આત્માને માટે અનાયતન છે. માટે, ભલે તે મુનિ હો, પંચમહાવ્રત પાળતાં હો પણ રાગની ક્રિયા કરવી તે જ મારું કાર્ય છે અને એક સમયની પર્યાય જેવડો જ હું છું એમ માને છે તો તે અજ્ઞાની–મિથ્યાદૃષ્ટિ છે.

રાગમાં અને એક સમયના પરિણમનમાં જ પોતાપણું માનવું તે બદ્ આદત છે (ખરાબ ટેવ) છે. બાહ્ય વિદ્યાઓ પણ બધી નકામી છે, મૂર્ખાઈ છે. આ તમારી બેરીસ્ટરની વિદ્યાને કેવી કહેવી?

રામજીભાઈ :—એ વિદ્યા તો રખડાવનારી વિદ્યા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ ડૉટરની વિદ્યા, વકીલની વિદ્યા આદિ બધી વિદ્યા મૂર્ખાઈ ભરેલી છે. જ્યારે હું જ્ઞાનાનંદસ્વભાવી આત્મા, રાગથી ભિન્ન છું એવી આધ્યાત્મિક વિદ્યાનો અભ્યાસ કરે છે–સ્વભાવથી અભિન્ન અને રાગથી ભિન્નપણાનો અભ્યાસ કરે છે ત્યારે તેને સાચી વિદ્યા પ્રાપ્ત થાય છે, ત્યારથી આત્મિક અતીન્દ્રિય આનંદરસનો સ્વાદ આવે છે. અધ્યાત્મવિદ્યાની શરૂઆત ચોથા ગુણસ્થાનથી થાય છે ત્યારથી અતીન્દ્રિય આનંદ શરૂ થયો તે પાંચમા–છઠ્ઠા–સાતમામાં વધતો વધતો બારમા ગુણસ્થાને પૂર્ણ આનંદ પ્રગટ થઈ જાય છે અને તેરમામાં તો અનંત આનંદ આવે છે. શુભભાવ ઠીક અને અશુભભાવ અઠીક એવો ભાવ પણ તેને હોતો નથી. પ્રમાદમાત્રનું પતન કરીને પુણ્ય-પાપનો ભેદ મટાડી દે છે. આત્માનો આનંદ આવવો તે અપ્રમાદ છે, તેની પાસે શુભભાવ પણ પ્રમાદ છે.

બહિર્મુખતાથી ખસવું અને અંતરમુખ ઝુકવું એ જ અધ્યાત્મ વિદ્યા છે. તેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે તે કારણે પ્રમત્તભાવનો નાશ થાય છે. અંદરમાં સ્થિરતાની ધારા વધતાં વધતાં ક્ષપકશ્રેણીએ ચડીને કેવળજ્ઞાન પામે છે. પ્રથમ, સમ્યગ્દર્શન પ્રગટ કર્યું પછી પ્રમાદ છોડી અપ્રમાદમાં આવ્યા અને પછી શુક્લધ્યાનની ધારામાં કેવળજ્ઞાન પ્રગટ કર્યું. જુઓ! આ પરમાત્મા થવાની રીત છે.

કેવળી થયા ત્યાં જ ભગવાનને ચાર ઘાતિકર્મોનો તો નાશ થઈ ગયો. ચાર અઘાતિકર્મ બાકી રહ્યાં તે પણ અલ્પકાળમાં ટળીને ભગવાન આઠગુણ સહિત સિદ્ધપદને પામે છે. પછી તો સાદિ અનંત અનંત કાળ 'પ્રભુ સિદ્ધ' સમાધિસુખમાં જ રહે છે.

મોક્ષ અધિકારમાં આ રીતે સિદ્ધપદપ્રાપ્તિનો ઉપાય બતાવ્યો. અહીં મુખ્ય અભિપ્રાય મમતા દૂર કરવાનો અને સમતા લાવવાનો છે. રાગાદિ મારાં છે એવો અભિપ્રાય છે તે મિથ્યાત્વની મમતા છે. કોઈ એમ કહે કે અમે તો વ્યવહારનું આચરણ કરીએ છીએ અને શ્રદ્ધામાં નિશ્ચય રાખીએ છે તે વાત સાચી નથી. રાગનું કરવું–વ્યવહારનું કરવું–એ આત્માનું કાર્ય નથી.

રાગ કરવાની વાત લોકોને પસંદ બહુ પડે તેથી એ સાંભળવામાં તો મોટી મોટી સભાઓ ભરાય પણ ત્યાં સત્યનું શરણ નથી. ભાઈ! સત્યના શરણ કોઈ જુદી જ ચીજ છે. ત્યાં બીજા સાથે સમન્વય ક્યાંથી થાય! આત્માનો ધર્મ એ જ એક ધર્મ છે, બીજો કોઈ ધર્મ નથી. બધાં ધર્મોને સમાન માને એ લોકો બહુ ઉદાર લાગે પણ બધે ધર્મ ક્યાં છે! ધર્મ તો ભગવાન આત્મા સિવાય બીજે ક્યાંય નથી.

ટૂંકમાં, મુખ્ય અભિપ્રાય એ છે કે પરદ્રવ્યની સંભાળ છોડવી અને સ્વદ્રયની સંભાળ લેવી આ મુખ્ય વસ્તુ છે.

પહેલો છોકરો એક્સીડન્ટમાં વણાઈ ગયો તે બહુ યાદ આવે છે....ડ્રાઈવરની બાજુમાં, વાહનમાં બેઠેલો, સામેથી ટ્રક આવી તેમાં ખેંચાઈ ગયો અને બે વાહન વચ્ચે વણાઈ ગયો. આવી દશા એની થવા યોગ્ય હતી તે થઈ છે પણ મા-બાપને તો મોહનું દુઃખ લાગે છે ને! મા રોતી રોતી નીકળી હતા કે બેટા! હું હવે ક્યાં જઈશ! ૨૪ વર્ષનો જુવાનજોધ આમ ચાલ્યો ગયો એટલે ગામ આખામાં ત્રાસ થઈ ગયો. ગામ બંધ રહ્યું. તિથિ ઉપર માણસો કેટલાં બધાં આવ્યા. આવી સ્થિતિ આ જીવની અનંતવાર થઈ છે.

જેમ બહારમાં બે વાહન વચ્ચે માણસ વણાઈ ગયો તેમ રાગમાં એકત્વ માનીને આત્મા મિથ્યાત્વમાં વણાઈ ગયો છે. પોતાના શુદ્ધસ્વરૂપની રુચિ છોડીને, દયા-દાન આદિ એક સમયની પર્યાયમાં એકત્વબુદ્ધિએ આત્માની શાંતિને કચરી નાંખે છે, આત્માનો નાશ કરે છે.

આ શરીર તો માંસના પૂતળા છે. પહેલો છોકરો રોટલીની જેમ વણાઈ ગયો તેમ તારી સાથે પણ આવી દશા અનંતવાર ભજી છે ભગવાન! માટે, માંસના પુતળામાં રસ લેવા જેવો નથી. ભાઈ! શરીરની સુંદરતા જોઈને મજા માનવી તે મૂર્ખતા છે. તારી મજા

તો તારી પાસે છે. પરથી મજા માનવારૂપ મિથ્યાત્વમાં તો આત્માનો નાશ થાય છે. માટે પરમાંથી આનંદની ગંધ લેવી તે પણ મિથ્યાત્વ છે.

જેમ સોનીના સંગે સોનાની જુદી જુદી અવસ્થાઓ થાય છે પરંતુ તેનું સુવર્ણપણું ચાલ્યું જતું નથી, ગાળવાથી પાછું સોનાનું સોનું જ બન્યું રહે છે. આભૂષણ અનેક પ્રકારના બનાવો તો પણ સોનાનું સોનાપણું ક્યાંય ચાલ્યું જતું નથી. તેમ, આ જીવાત્મા, અનાત્માના સંસર્ગથી અનેક વેષ ધારણ કરે છે પરંતુ તેનું ચૈતન્યપણું ક્યાંય ચાલ્યું જતું નથી. રાગના અને વિકલ્પના સંસર્ગથી આત્મા અનેક વેષ ધારણ કરે છે. એકેન્દ્રિય, બેઈન્દ્રિય.....પંચેન્દ્રિય, સ્ત્રી, પુરુષ આદિ પર્યાયો ધારણ કરે છે પરંતુ તેની ચેતનતા ક્યાંય ચાલી જતી નથી. 'ચૈતન્યનું 'ચેતનપણું' જે ધ્રુવસ્વરૂપે છે તે ક્યાં જાય!' આભૂષણ થવાથી સોનાનું સોનાપણું કાંઈ ચાલ્યું જતું નથી તેમ એકેન્દ્રિય આદિ પર્યાયો ધરવાથી ચેતનનું ચેતનપણું કાંઈ ચાલ્યું જતું નથી, ચેતનપણું તો એવું ને એવું જ રહે છે. આનંદસ્વરૂપ બ્રહ્મ તો આનંદસ્વરૂપ જ રહે છે. આવી દૃષ્ટિ થવામાં અનંત પુરુષાર્થ છે. રાગ ઉપર દૃષ્ટિ છે તેની ગુલાંટ મારીને હું તો ત્રિકાળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું એવી દૃષ્ટિ કરવામાં અનંત પુરુષાર્થ છે. *(ક્રમશઃ)*

(આધ્યાત્મિક તત્ત્વચર્ચા....પેઈજ ૧૭થી ચાલુ)

ચાલી જતાં મારો સ્વભાવ છે તે પ્રગટ થઈ જાય છે. આમ તેની રુચિ પોતાના સ્વભાવ તરફ રહે છે. હું જ્ઞાયક છું અને આ રાગાદિ ટળે કેમ, એમ રુચિમાં અને ભાવનામાં તેને રહે છે.

*પ્રશ્ન :—માર્ગની શરૂઆત જ અઘરી છે કે આખો માર્ગ જ એ પ્રમાણે પુરુષાર્થ માંગે છે?*

સમાધાન :—શ્રીમદ્માં આવે છે કે પ્રથમ ભૂમિકા વિકટ હોય છે. અનાદિથી એકત્વબુદ્ધિ ગાઢ થઈ રહી છે. તેમાંથી તેને પસાર થવું વિકટ લાગે છે. પછી તો તેને માર્ગ સહજ અને સુગમ છે. પોતાના સહજ સ્વભાવને જેણે ઓળખ્યો અને જેને સ્વભાવ પ્રગટ થયો તેને પછી માર્ગ સહજ અને સુગમ છે. જેવી પહેલી ભૂમિકા કઠણ હોય છે તેવી દરેક ભૂમિકા કઠણ હોતી નથી. પુરુષાર્થની ધારા તો બધામાં ચાલુ જ રાખવી પડે છે, પણ પહેલી ભૂમિકા વિકટ હોય છે.

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન :—આત્મામાં રાગ થાય છે, છતાં રાગ થતો નથી તેમ કેમ કહેવામાં આવે છે ?*

સમાધાન :—આત્મા તો શાશ્વત પોતાના સ્વભાવરૂપે છે ને રાગ તો વિભાવ છે, તેથી તેમાં રાગ ક્યાંથી હોય? દ્રવ્યમાં રાગ નથી. દ્રવ્ય અપેક્ષાએ 'રાગ નથી' તે બોલવામાત્ર નથી, પણ રાગ મારા સ્વભાવમાં ખરેખર નથી. મારા મૂળ સ્વરૂપમાં રાગ નથી. હું તો જેમ છું તેમ અનાદિ-અનંત જ્ઞાયકસ્વરૂપે છું; પણ પર્યાયમાં રાગ છે, તેનાથી દૂર કેમ થાઉં? માટે પુરુષાર્થ કરવાનો રહે છે.–આમ વિચારે તો આ બે અપેક્ષામાં વિરોધ નથી. દ્રવ્ય અપેક્ષાએ મારામાં રાગ નથી; દ્રવ્ય સ્વરૂપ જોઉં તો રાગ મારામાં નથી; હું તો જ્ઞાયક–શુદ્ધાત્મા છું. આ જે બધા વિભાવિક ભાવ છે તે ઉપર ઉપરથી રહેલા છે, તે અંતરના મૂળમાં નથી. રાગની પરિણતિ છે તે મારા મૂળ સ્વરૂપમાં નથી, તો તે ટળે કેવી રીતે? એ રીતે સાધકને તેને ટાળવાનો અને પોતાના શુદ્ધાત્મસ્વરૂપને પ્રગટ કરવાનો પ્રયત્ન રહે છે. સાધકની રુચિમાં આવ્યું છે કે હું તો જ્ઞાયક છું. મારામાં આ રાગ છે જ નહિ. તો પણ આ બધું આવ્યું ક્યાંથી? કે મારી પોતાની પરિણતિ પુરુષાર્થની મંદતાથી વર્તમાન તે રીતે પરિણમી છે એટલે તે આવ્યું છે.

*પ્રશ્ન :—જ્ઞાની રાગ મારામાં થાય છે એવું જાણવાં છતાં, રાગ મારામાં નથી તેમ કયા પ્રયોજનપૂર્વક વિચારે છે?*

સમાધાન :—જ્ઞાની પ્રયોજનપૂર્વક વિચારે છે કે રાગ મારા સ્વભાવમાં નથી. તેને રુચિ, પ્રતીતિમાં તો એમ છે કે રાગ મારા સ્વભાવમાં નથી છતાં પણ આ રાગ છે ખરો! હવે તે છે તો ટળે કેવી રીતે? એમ વિચારી તેને ટાળવાનો પ્રયત્ન કરે છે. હું તો અનાદિ-અનંત જ્ઞાયક જ છું, રાગ મારા સ્વભાવમાં નથી તેથી હું તેનો કર્તા નથી. આ રીતે અંતરમાં બેય અપેક્ષા સમજે છે તેથી જ્ઞાનીને બેમાં વિરોધ દેખાતો નથી. મૂળ સ્વરૂપમાં રાગ નથી તેથી ટળી જાય છે. જો મૂળમાં રાગ હોય તો ટળે ક્યાંથી? જો મૂળમાં રાગ હોય તો આત્માનો સ્વભાવ થઈ જાય ને તો કદી ટળે નહિ. વળી રાગ દુઃખરૂપ છે ને પોતાનો સ્વભાવ દુઃખરૂપ હોય નહિ. માટે આ પરના લક્ષે થયેલી ઉપાધિરૂપ પરિણતિ છે ને તે

(અનુસંધાન માટે જુઓ પાનું ૧૯)

ॐ

नमः श्री सीमन्धरजिनवराय । नमः श्री सूर्यकीर्तिभाविजिनेन्द्राय । नमः श्री देवेन्द्रकीर्तिभाविगणधराय ।

## કહાનગુરુ-સાધનાભૂમિ સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ) મધ્યે આંતરરાષ્ટ્રીય દિગંબર જૈન મુમુક્ષુમહિલામંડળ દ્વારા અંતરના સાતિશય આનંદોલ્લાસ સહ આયોજનાધીન



## મહિલામંડળ-શિરછત્ર પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૯૩મો મહામંગલમય જન્મ-જયંતી-મહોત્સવ



# 卐 આમંત્રણ-પત્રિકા 卐

સ્વાનુભવવિભૂષિત મહાત્માના ચરણભ્રમર આત્માર્થી ભાઈશ્રી / બહેનશ્રી.. ....................................,શુભાયતન.................

આપણને સૌને સુવિદિત છે કે—સમગ્ર મુમુક્ષુજગતના પરમ-તારણહાર, વીર-કુંદકુંદ-અમૃત-પ્રરૂપિત-સ્વાનુભૂતિપ્રધાન-અધ્યાત્મમાર્ગ-પ્રકાશનાર, અપ્રતિમ પરમોપકારી પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ જેમના વિષે, તેમની અંતઃપરિણતિની સાતિશય પવિત્રતા, નિર્વિકલ્પ આનંદઝરતી સ્વાનુભૂતિ તથા સાતિશય દિવ્ય 'જ્ઞાનવૈભવ' વગેરે પ્રતિ પ્રભાવિત થઈ અહોભાવપૂર્ણ, મુમુક્ષુઓને કલ્યાણી પ્રેરણા આપતાં કહ્યું છે કે "અરે! એમનાં દર્શનથી તો ભવનાં પાપ કપાય એવો આ જીવ છે, એવું આ દ્રવ્ય છે!" "બહેન(બહેનશ્રી ચંપાબેન) તો આરાધનાની દેવી છે. પવિત્રતામાં આખા ભારતમાં અજોડ છે. એમની છત્રછાયા આખા સોનગઢમાં છે. ઓહો! બહેન તો ભગવતીસ્વરૂપ છે. તારે બીજે ક્યાં ગોતવા જાવું છે? એમનાં દર્શન કર ને! એક વાર ભાવથી જે એમનાં દર્શન કરશે એનાં અનંત કર્મબંધન ઢીલાં થઈ જશે. એમનાં ચરણોમાં જે વિંટાઈને રહેશે એનો બેડો પાર છે"; અને જેમના વિષે ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહે તેમના સંક્ષિપ્ત જીવન તથા સાધનાના પરિચય અને અનેક તથ્યસ્પર્શી ભાવવાહી કાવ્યો દ્વારા તેમનો પવિત્રતાપૂર્ણ મહિમા સુપ્રસિદ્ધ કર્યો છે એવાં મહિલા-મુમુક્ષુમંડળના શિરછત્ર ધર્મરત્ન, સ્વાનુભવવિભૂષિત, વિશિષ્ટોપકારી પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૯૩મો મંગલ વાર્ષિક જન્મોત્સવ અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવાનું અમને—આંતરરાષ્ટ્રીય દિગંબર જૈન મુમુક્ષુ મહિલામંડળને—જે મહાન સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢને આભારી છે. જન્મજયંતી ઊજવવાનો લાભ ઘણાને મળે છે પણ સ્વાનુભવવિભૂષિત મહિલારત્ન આ ધર્મમાતાનો મંગલમય જન્મોત્સવ ઊજવવાનો દુર્લભ લાભ

આંતરરાષ્ટ્રીય મુમુક્ષુ મહિલાઓને મળ્યો છે તેથી સમસ્ત મુમુક્ષુ મહિલામંડળ અત્યંત આનંદોલ્લાસથી ખૂબ જ ભાવભરી ભક્તિથી આ મંગળ અવસર ઊજવવાના છે. આ અસાધારણ સૌભાગ્યમાં અલભ્ય લાભ લેવા અને મહિલામંડળના આનંદોત્સાહમાં વૃદ્ધિ કરવા દેશવિદેશવાસી સમસ્ત મુમુક્ષુ સમાજને આ મંગલ પ્રસંગે સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ) પધારવા માટે ધર્મવાત્સલ્યપૂર્ણ અતિ આગ્રહભર્યું નિમંત્રણ પાઠવીએ છીએ.

પરમોપકારી પૂજ્ય બહેનશ્રીનો ૯૩મો વાર્ષિક મંગલમય જન્મોત્સવ વિ. સં. ૨૦૬૨, શ્રાવણ સુદ ૧૩, સોમવાર, તા. ૭-૮-૨૦૦૬ થી શ્રાવણ વદ ૨, શુક્રવાર, તા. ૧૧-૮-૨૦૦૬—એમ પાંચ દિવસ સુધી શ્રી તીર્થમંડળવિધાનપૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મસુધાસ્યંદી ચૈતન્યસ્પર્શી ટેપપ્રવચનો વગેરે જ્ઞાન તેમ જ ભક્તિની આત્મકલ્યાણકારી ઉપાસનાના અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઊજવવાનું નિર્ધારવામાં આવ્યું છે.

અનેકવિધ ભવ્ય કાર્યક્રમ સહ ઊજવવામાં આવનાર આ પવિત્ર સુઅવસરે પધારવાથી આપ સર્વેને પૂજ્ય ગુરુદેવ દ્વારા પ્રસ્થાપિત સ્વાનુભૂતિ-સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીની મંગલ યાત્રા, વિશાલ જિનાયતનોમાં પ્રતિષ્ઠિત વીતરાગભાવવાહી મનોહર જિનબિંબોનાં દર્શન-પૂજન-ભક્તિ વગેરેના લાભ ઉપરાંત પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મ-અમૃતભર્યાં સી.ડી. પ્રવચનોનો, પૂજ્ય ભગવતી માતાની વિડિયો-ધર્મચર્ચાનો, વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પાવન દર્શનનો, સમાગત વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચનોનો, ભજનમંડળીઓ દ્વારા જિનેન્દ્રભક્તિનો તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનો ઇત્યાદિ બહુવિધ લાભ પણ મળશે.

માટે, આત્મહિતના અસાધારણ હેતુભૂત આ મહામંગલ અવસરે આપ સૌ અવશ્ય પધારજો—એવું આપ સૌને અમારું પુનઃ પુનઃ ધર્મભાવનાભીનું આમંત્રણ છે.

પ્રેષક—
આંતરરાષ્ટ્રીય દિગંબર જૈન મુમુક્ષુ મહિલામંડળ
C/o શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સુવર્ણપુરી)—૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)
ફોન : ૨૪૪૩૩૪, ૨૪૪૩૫૮ : TELEFAX : ૨૪૪૬૬૨
તા. ૨-૭-૨૦૦૬, રવિવાર

નિમંત્રક—
આંતરરાષ્ટ્રીય દિગંબર જૈન મુમુક્ષુ મહિલામંડળ, સોનગઢ
(શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-અંતર્ગત)
અધ્યક્ષા : પ્રવીણાબેન કાંતિલાલ કામદાર, ચેન્નઈ
—ના જયજિનેન્દ્ર

સૂચના : આવાસ તેમ જ ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક છે. આપ સૌ ક્યારે પધારશો તે, વ્યક્તિની સંખ્યા સહિત, ૧૫ દિવસ અગાઉથી જણાવશો, જેથી આવાસની વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાત: | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાત: | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૪૫ થી ૫-૧૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી કળશ-ટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન |

**રક્ષાબંધન :**—શ્રાવણીપૂર્ણિમાના દિવસે શ્રી વિષ્ણુકુમારમુનિરાજે શ્રી અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિવરોની ઉપસર્ગથી રક્ષા કરી હતી. આ પર્વ તા. ૯-૮-૦૬ બુધવારના દિવસે પૂજા ભક્તિના આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

### જ્ઞાનવૈભવ–પ્રકાશન તથા પંડિતરત્નના જન્મનો વાર્ષિક દિવસ

'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' ગ્રંથના પ્રકાશનનો વાર્ષિક દિવસ તા. ૨૨-૮-૦૬ મંગળવારના દિવસે છે. આ દિવસે આપણા આદરણીય, ઊંડાઆદર્શઆત્માર્થી, કુંદકુંદ સરસ્વતીના પુત્ર, સમયસાર આદિ પંચ પરમાગમના ગદ્ય-પદ્યાનુવાદક પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહનો ૯૯મો જન્મદિવસ છે. આ બંને અવસર, તેઓના ઉપકારો પ્રતિ કૃતજ્ઞતા જ્ઞાપનાર્થ, શ્રી જિનેન્દ્રપૂજા સમારોહ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

### પંડિતરત્નનો ઉપકાર સ્મૃતિ દિન

પૂજ્ય ગુરુદેવશ્રીના ભક્તરત્ન, પૂજ્ય બહેનશ્રીના મોટા ભાઈ, આપણા આદરણીય ઊંડા આદર્શ આત્માર્થી પંડિતપ્રવર શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહનો બીજો વાર્ષિક ઉપકાર-સ્મૃતિ દિન તા. ૧૬-૮-૦૬ (શ્રાવણ વદ–૮) બુધવારના દિવસે છે. શ્રી સમયસાર આદિ પંચપરમાગમોના ગુજરાતી ગદ્ય-પદ્યાનુવાદરૂપ તેઓના અનુપમ ઉપકારોની પુણ્યસ્મૃતિમાં આ દિવસે શ્રી જિનેન્દ્રપૂજા આદિ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. *

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ
## અંતર્ગત યોજાયેલ ધાર્મિક શિક્ષણ શિબિરો

(૧) શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ સુરત દ્વારા; તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૮મી જન્મ-જયંતી ઉજવવાનો લાભ પ્રાપ્ત થયો ''તેની ખુશાલીમાં'' તા. ૨-૬-૦૬થી ૪-૬-૦૬ એમ ત્રણ દિવસ આધ્યાત્મિક શિક્ષણ શિબિરનું આયોજન થયું.

જેમાં શ્રી પંચપરમેષ્ઠી મંડળવિધાન પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનાં નિજ કલ્યાણકારી સી. ડી. પ્રવચનો, ભક્તિ, તેમજ ધાર્મિક શિક્ષણ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં અંદાજે ૧૦૦ મુમુક્ષુ ભાઈ-બહેનોએ લાભ લીધો હતો.

(૨) શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ (ખાડિયા) અમદાવાદ દ્વારા તા. ૧૦-૬-૦૬થી ૧૧-૬-૦૬ એમ બે દિવસ ધાર્મિક શિક્ષણશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં શ્રી જિનેન્દ્રપૂજન, પૂજ્ય ગુરુદેવશ્રીનાં સી. ડી. પ્રવચનો શ્રી સમવસરણ સ્તુતિ તથા ધાર્મિક શિક્ષણવર્ગોનું ખુબ રસપ્રદ કાર્યક્રમ થયો હતો. લગભગ ૧૫૦ માણસોએ લાભ લીધો હતો

### પ્રશમમૂર્તિ ભગવતીમાતાની આગામી ૯૩મી જન્મજયંતી અંતર્ગત યોજાયેલી શિબિરો.

(૧) પૂજ્ય બહેનશ્રીના સમ્યક્ત્વ સાધનાધામ વાંકાનેરથી ઉપરોક્ત ઉત્સવ અંતર્ગત શિબિરોની શરૂઆત કરવામાં આવી. જેમાં જિનેન્દ્ર પૂજન, પૂજ્ય ગુરુદેવશ્રીનું સી ડી પ્રવચન તદ્ઉપરાંત પૂજ્ય બહેનશ્રી સંબંધિત પુસ્તકો ''બહેનશ્રીનાં વચનામૃત'', ''જ્ઞાનવૈભવ'', ''સાધના અને વાણી'' પર અભ્યાસુ અધ્યાપકો દ્વારા શિક્ષણ આપવામાં આવ્યું. આ શિબિરમાં સ્થાનિક ઉપરાંત રાજકોટ, સુરેન્દ્રનગર, લીંબડી વિગેરે ગામોથી પધારેલ લગભગ ૨૦૦ મુમુક્ષુ ભાઈ બહેનોએ લાભ લીધો. સાંજે સૌ મુમુક્ષુઓએ વાંકાનેરમાં પૂજ્ય બહેનશ્રીના સમ્યક્ત્વસાધનાસ્થળનાં દર્શન કરી ત્યાં ભક્તિનો લાભ મેળવ્યો.

(૨) સુરેન્દ્રનગર :—પૂજ્ય બહેનશ્રીના ૯૩મી જન્મ જયંતી અંતર્ગત તા. ૨૫-૬-૦૬ના રોજ શ્રી સુરેન્દ્રનગર દિગંબરજૈન સંઘ દ્વારા શિક્ષણ શિબિરનું આયોજન સુંદર રીતે થયું. જેમાં શ્રી જિનેન્દ્રપૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન, તથા પૂજ્ય બહેનશ્રીનાં વિવિધ પુસ્તકો પર વિદ્વાન અધ્યાપકો દ્વારા શિક્ષણ આપવામાં આવ્યું હતું.

તદ્ ઉપરાંત શિબિરમાં પધારેલ લગભગ ૩૦૦ મુમુક્ષુભાઈ બહેનોએ જોરાવરનગર તેમજ વઢવાણના જિનમંદિરોમાં ભક્તિનો લાભ પણ લીધો હતો.

આ શિબિરોમાં ભાગ લેનાર સર્વ મુમુક્ષુઓમાં ખૂબજ ઉત્સાહ હતો તેમજ તેમના દ્વારા આવી શિબિરોનું વારંવાર આયોજન થાય તેવી ભાવના વ્યક્ત કરવામાં આવતી હતી.

ઉપરોક્ત શિબિરોમાં શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ દ્વારા મોકલવામાં આવેલા અભ્યાસી વિદ્વાનો (૧) શ્રી બ્ર. વજુભાઈ (વઢવાણ), (૨) ડૉ. પ્રવીણભાઈ (રાજકોટ), (૩) સુભાષભાઈ શેઠ (વાંકાનેર), (૪) રાજુભાઈ કામદાર (રાજકોટ), (૫) રમેશભાઈ મહેતા (સલાલ), (૬) નીતિનભાઈ શેઠ (વાંકાનેર) દ્વારા ખૂબ જ ભાવવાહી અને રોચક રીતે શિક્ષણ આપવામાં આવ્યું હતું.

ઉપરોક્ત ચારે શિબિરોમાં સ્થાનિક મુમુક્ષુ મંડળ દ્વારા શિબિરાર્થીઓ માટે ચા-નાસ્તા તેમજ બંને સમયના ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

## કેનેડા (યુ.એસ.એ.) ના નાયગ્રાફોલ્સમાં પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૭મી જન્મજયંતીનીઉજવણી

જૈન સ્વાધ્યાયમંદિર સોનગઢ (યુ. એસ. એ.) દ્વારા કેનેડામાં પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મ જયંતીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શ્રી જિનેન્દ્રપૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડીપ્રવચન ગુરુ વધામણા, એવોર્ડ વિતરણ, ગુરુભક્તિ વિગેરે કાર્યક્રમ થયા.

તદુપરાંત રાજકોટથી પધારેલ વિદ્વાન પ્રવચનકાર રાજેન્દ્રભાઈ કામદાર દ્વારા સમયસાર શાસ્ત્ર પર સરળ શૈલીમાં શિક્ષણ શિબિર ચાર દિવસ માટે યોજાઈ. આ કાર્યક્રમમાં શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ (સોનગઢ) ના પ્રમુખ શ્રી હસમુખભાઈ પી. વોરા ખાસ ઉપસ્થિત રહ્યા.

આ શિબિરને રાજકોટ નિવાસી (હાલ ટોરેન્ટો) શ્રી સુભાષભાઈ તથા રૂપાલીબેન મહેતા દ્વારા સ્પોન્સર કરવામાં આવી. તથા તેમાં અમેરિકા અને કેનેડાના ઘણા શહેરોમાંથી પધારેલા મુમુક્ષુઓએ ઉત્સાહભેર લાભ લીધો. આવી શિબિરો દર વર્ષે અમેરિકામાં યોજવામાં આવે છે.

✣

### અધ્યાત્મવિદ્યાકેન્દ્ર સોનગઢ (સુવર્ણપુરી)માં

# જૈનદર્શન ધાર્મિક શિક્ષણવર્ગ

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધનાભૂમિ શ્રી સુવર્ણપુરીમાં, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૯૩મી જન્મજયંતીના અવસર પર તા. ૩-૮-૨૦૦૬, ગુરુવારથી તા. ૨૨-૮-૨૦૦૬ મંગળવાર–વીસ દિવસના, જૈન અધ્યાત્મવિદ્યાના જૈનદર્શન ધાર્મિક શિક્ષણવર્ગ રાખેલ છે. શિક્ષણેચ્છુક મહાનુભાવોને સાદર નિમંત્રણ છે.

સૂચના :—સમાગત શિક્ષણેચ્છુકો માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં નીચેનાં શાસ્ત્રો પ્રકાશિત કરવામાં આવેલ છે.

| ક્રમ | પુસ્તકનું નામ | ભાષા | પ્રત | ક્રમ | પુસ્તકનું નામ | ભાષા | પ્રત |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | આત્મસિદ્ધિ પ્રવચન | ગુજરાતી | ૧૦૦૦ | ૧૨ | તીર્થમંડલ વિધાન પૂજા | ગુજરાતી | ૨૦૦૦ |
| ૨ | પંચાસ્તિકાય | ગુજરાતી | ૨૦૦૦ | ૧૩ | મૂળમાં ભૂલ | ગુજરાતી | ૨૦૦૦ |
| ૩ | વચનામૃત પ્રવચન ભાગ-૨ | ગુજરાતી | ૧૦૦૦ | ૧૪ | મોક્ષશાસ્ત્ર | ગુજરાતી | ૧૦૦૦ |
| | | | | ૧૫ | જિનેન્દ્ર ધૂપાર્ચન | ગુજરાતી | ૩૦૦૦ |
| ૪ | આલોચના | ગુજરાતી | ૩૦૦૦ | ૧૬ | નિયમસાર | ગુજરાતી | ૧૦૦૦ |
| ૫ | બહેનશ્રી વચનામૃત | હિન્દી | ૨૦૦૦ | ૧૭ | સમયસાર કળશ ટીકા | ગુજરાતી | ૨૦૦૦ |
| ૬ | અધ્યાત્મ-સંદેશ | ગુજરાતી | ૧૦૦૦ | ૧૮ | સ્તવન મંજરી | ગુજરાતી | ૨૦૦૦ |
| ૭ | જિનેન્દ્ર સ્તવનાવલી | ગુજરાતી | ૨૦૦૦ | ૧૯ | જિનેન્દ્ર પૂજા સંગ્રહ | હિન્દી | ૧૦૦૦ |
| ૮ | વચનામૃત પ્રવચન ભાગ-૩ | ગુજરાતી | ૧૦૦૦ | ૨૦ | પદ્મપુરાણ | ગુજરાતી | ૧૦૦૦ |
| | | | | ૨૧ | પ્રતિક્રમણ | ગુજરાતી | ૩૦૦૦ |
| ૯ | તીર્થમંડલ વિધાન પૂજા | | | ૨૨ | જૈન બાળપોથી | ગુજરાતી | ૫૦૦૦ |
| | આવૃત્તિ-૧ | હિન્દી | ૧૫૦૦ | ૨૩ | સમવસરણ વિધાન પૂજા | હિન્દી | ૩૦૦૦ |
| | આવૃત્તિ-૨ | હિન્દી | ૩૦૦૦ | ૨૪ | સમયસાર | ગુજરાતી | ૨૦૦૦ |
| ૧૦ | વચનામૃત પ્રવચન | | | ૨૫ | મુક્તિનો માર્ગ | ગુજરાતી | ૨૦૦૦ |
| | ભાગ-૪ | ગુજરાતી | ૧૦૦૦ | ૨૬ | મોક્ષમાર્ગપ્રકાશક | ગુજરાતી | ૨૦૦૦ |
| ૧૧ | છ ઢાળા પ્રવચન | | | ૨૭ | તીર્થમંડલ વિધાન પૂજા | હિન્દી | ૨૦૦૦ |
| | ભાગ ૧થી ૬ | ગુજરાતી | ૧૦૦૦ | ૨૮ | મોક્ષમાર્ગપ્રકાશકના કિરણો | ગુજરાતી | ૨૦૦૦ |
| | | | | | | | ૫૫,૫૦૦ |

નીચેના શાસ્ત્રો પ્રેસમાં, છેલ્લા તબક્કામાં છે, જે નજીકના ભવિષ્યમાં ઉપલબ્ધ થશે.

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રાવકધર્મ પ્રકાશ | ગુજરાતી | ૧૦૦૦ |
| ૨ | જૈન સિદ્ધાન્ત પ્રશ્નોત્તરમાળા | ગુજરાતી | ૧૦૦૦ |
| ૩ | સિદ્ધ પરમેષ્ઠી વિધાનપૂજા | હિન્દી | ૨૦૦૦ |
| ૪ | સોલહકારણ વિધાન પૂજા | હિન્દી | ૨૦૦૦ |
| ૫ | અનુભવપ્રકાશ પ્રવચનો | હિન્દી | ૧૦૦૦ |
| ૬ | પંચપરમેષ્ઠી વિધાન પૂજા | હિન્દી | ૨૦૦૦ |
| ૭ | ચૌસઠ-ઋદ્ધિ વિધાન પૂજા | હિન્દી | ૨૦૦૦ |
| ૮ | પંચાસ્તિકાય | હિન્દી | ૧૦૦૦ |

સાહિત્યપ્રકાશનસમિતિ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

## વૈરાગ્ય-સમાચાર :—

ખંડવાનિવાસી રાયસાહેબ શ્રી ફકીરચંદજી જૈન (વર્ષ-૯૪) તા. ૮-૩-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પોતાના ૪૦ સભ્યોના કુટુંબ સહિત ૬૨ વર્ષ પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન-સમાગમથી એકદમ અર્પાઈ ગયા હતા. તેમના મુખેથી પૂજ્ય ગુરુદેવશ્રીની મહિમાની વાતો સાંભળીને ઈંદૌરનિવાસી સર શ્રી હુકમચંદજી શેઠ સોનગઢ આવવા પ્રેરાયા હતા. તેમને તત્ત્વનો ઘણો અભ્યાસ હતો.

નાઈરોબીનિવાસી નાઈરોબી મંડળના ભૂતપૂર્વ મહામંત્રી શ્રી પ્રવિણભાઈ વેલજી નરશી શાહ (વર્ષ-૫૭) તા. ૧૫-૩-૦૬ના રોજ કેન્સરની ચાર વર્ષની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે. બેંગલોર પંચકલ્યાણક પ્રતિષ્ઠામાં તેમણે સનત્કુમાર ઈન્દ્ર તરીકે લાભ લીધો હતો.

ભાવનગરનિવાસી બ્ર. ચંદ્રાબેન હરગોવિંદદાસ દેસાઈ (વર્ષ-૫૯) તા. ૨૮-૪-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સરારનિવાસી શ્રી મંગલભાઈ હરીભાઈ જૈન તા. ૧૯-૫-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. શ્રી નંદીશ્વર જિનાલયની પ્રતિષ્ઠા વખતે ૨૦૦ સ્વયંસેવકો લાવીને રસોડાનું સંચાલન કર્યું હતું. તેમના વિસ્તારમાં તેઓ તત્ત્વપ્રચારક "મંગળભગત" તરીકે જાણીતા હતા.

બોટાદનિવાસી (હાલ-પાર્લા) બ્ર. ડૉ. સવિતાબેન જેઠાલાલ સંઘજી શાહ તા. ૨૪-૫-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટનિવાસી ભાનુમતિ રમણીકલાલ મોદી (વર્ષ-૭૨) તા. ૨૫-૫-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

કાનાતળાવનિવાસી (હાલ બોરીવલી), કાનાતળાવ તેમજ બોરીવલી મંડળના ટ્રસ્ટી, મલાડ મંડળના કાર્યવાહી કમિટિના મેમ્બર શ્રી રવજીભાઈ ગોવિંદભાઈ પટેલ (વર્ષ-૬૪) તા. ૨૫-૬-૦૬ના રોજ કેન્સરની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વનો ઘણો અભ્યાસ હતો.

બાયોદરાનિવાસી (હાલ કાંદિવલી) શ્રી લીલાવંતીબેન સુખલાલ દેસાઈ (વર્ષ-૮૩) (--તે શ્રી નગીનભાઈ ડગલી, મલાડના મોટા બેન) તા. ૪-૬-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

અમદાવાદનિવાસી કલાવતીબેન ચંપકલાલ ખંધાર (વર્ષ-૭૬) તા. ૪-૬-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

બોટાદનિવાસી શ્રી શશીકાંતભાઈ નાગરદાસ કોઠારી (વર્ષ-૬૫) તા. ૯-૬-૦૬ના રોજ કેન્સરની ટૂંકી બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા થયેલ તેમજ ત્યાર બાદ થયેલ તમામ પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીની તમામ જન્મજયંતીનો તેઓએ લાભ લીધો હતો. નિયમિતરૂપે વારંવાર સોનગઢ આવીને લાભ લેતા હતા. બોટાદમાં વર્ષોથી જિનેન્દ્ર અભિષેક-પૂજન તથા સ્વાધ્યાયનો નિયમિત લાભ લેતા હતા.

દામનગરનિવાસી (હાલ અમદાવાદ) ચંદુલાલ મણીલાલ કાપડીયા (વર્ષ-૮૨) શાંત ભાવપૂર્વક તા. ૧-૬-૦૬નારોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

❀ ત્રિકાળી વસ્તુસ્વભાવની સન્મુખ થઈને જે નિર્વિકલ્પ શાંતિની દશા પ્રગટી તે ઉપચારથી આત્માનું સ્વરૂપ છે. પ્રભુ! એકવાર સાંભળ તો ખરો! આ મનુષ્યપણું મળ્યું છે તો મનુષ્યપણામાં શું કરવું?—કે ચિદાનંદપ્રભુના ધ્યાનથી જે વીતરાગી સમાધિ પ્રગટી તે સાધકદશા પણ ઉપચારથી આત્માનું સ્વરૂપ કહેવાય છે એવો જે પરમોત્કૃષ્ટ પરમાત્મા તે હું છું એમ નિર્ણય કરવો. અરે! આ તો ભાગ્યશાળીને કાને પડે તેવી દુર્લભ વાત છે. જિંદગી ચાલી જાય છે, દેહની સ્થિતિ પૂરી થવાનો કાળ નિશ્ચિત છે, કરવાનું આ છે, દેહમાં સુખ નથી, અનુકૂળ સંયોગોમાં સુખ નથી, દયા-દાન-વ્રત-ભક્તિમાં કે વ્યવહારરત્નત્રયમાં સુખ નથી; આનંદનો નાથ નિજ પરમાત્મતત્ત્વ તેની દૃષ્ટિ કરવી, તેનો મહિમા લાવીને સ્વીકાર કરવો તે કરવાનું છે. જ્ઞાનમાં —લક્ષમાં તો લે કે વસ્તુ આવી છે, પછી પ્રયોગ કર. ૩૮૧.

❀ કોઈ કહે છે કે કેવળી પહેલે સમયે વાણી ગ્રહે છે ને બીજે સમયે છોડે છે. અરે પ્રભુ! કેવળી તો વાણીને છોડે ને ગ્રહે તો નહીં જ, પણ સમ્યગ્દૃષ્ટિ પણ વાણીને ગ્રહે કે છોડે તો નહીં, પણ સમ્યગ્દૃષ્ટિ રાગને ગ્રહે અને છોડે નહીં. વસ્તુસ્વરૂપ જ એમ નથી—રાગને ગ્રહવો છોડવો એવું વસ્તુના સ્વરૂપનો ગુણ જ નથી. આ દિગંબર સંતોની લ્હેરૂં છે. આત્મા તો શુદ્ધનો સાગર છે ને! એમાં કયાં રાગ હતો જ! ૩૮૨.

❀ જ્ઞાયકભાવ જીવ છે અને જીવના વિકારનો—વિશેષ કાર્યનો હેતુ (નિમિત્ત-કારણ) અજીવ છે. પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ જીવનાં વિશેષ કાર્ય છે અને તેમનાં નિમિત્તકારણ જે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ કેવળ અજીવ છે. જીવ દ્રવ્યના સ્વભાવને છોડીને, પોતે અને પર એટલે કે જીવ અને પુદ્ગલ જેમના કારણ છે—કર્તા છે એવા આ નવ તત્ત્વોને એક દ્રવ્યના પર્યાયોપણે અનુભવતાં તેઓ ભૂતાર્થ છે. પરંતુ અખંડ, ધ્રુવ એકરૂપ જીવદ્રવ્યના સ્વભાવની સમીપે જઈને એટલે કે તેને દૃષ્ટિમાં લઈને એકપણાનો અનુભવ કરતાં આ નવ ભેદો અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. ૩૮૩.

❀ જેને પર્યાયબુદ્ધિ છૂટી ગઈ છે તે બીજા જીવોને પણ પર્યાયબુદ્ધિથી જોતા નથી. બીજા જીવોને પણ તે પૂર્ણ પ્રભુપણે જ દેખે છે. ચૌદ બ્રહ્માંડ આખો ભગવાનથી જ ભરેલો છે, એક સમયનું લક્ષ છોડી દે તો બધા જીવો ભગવાન સમાન છે. ૩૮૪.

❀

## * પર્યાયના ષટ્કારકો વડે તે પર્યાય સ્વતંત્ર ઉત્પન્ન થાય છે *

જીવને જે સમયે જે પર્યાય થવાની હોય તે જ થાય અને જે પર્યાય થાય તેનો તે ઉત્પત્તિનો કાળ છે, તે જન્મક્ષણ છે, તે કાળલબ્ધિ છે. જે પર્યાય થાય તેને વ્યયની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી ને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી, પર્યાયના પટ્કારકો વડે તે પર્યાય સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. તેથી તારી જે સમયે જે પર્યાય થાય તેનો તું કર્તા કેમ થાય છે? એક પછી એક ક્રમે અને નિશ્ચયથી જે પર્યાય થવાની હોય તે જ થાય, બીજે સમયે જે પર્યાય થવાની હોય તે થાય–એમ અનાદિ અનંત ક્રમસર નિશ્ચિતપણે પર્યાયો થાય છે. —*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

BOOK-POST

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]
Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 244662
Copies : 5100